# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-04-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## આંબેડકર જયંતી:

ભારતીય બંધારણના ઘડવૈયા બાબાસાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિની ઉજવણી આજે નવી દિલ્હીમાં સંસદ ભવનના પ્રેરણા સ્થળ ખાતે યોજાશે.

આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, સહિતના અનેક મંત્રીઓ, સાંસદો અને અન્ય લોકો બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંબેડકર જયંતિ નિમિત્તે હરિયાણાની મુલાકાત લેશે. તેઓ હિસાર અને અયોધ્યા વચ્ચેની હવાઈ સેવાનું ઉદ્ઘાટન કરશે.

---------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ-ડો.આંબેડકર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડૉ. બી.આર. આંબેડકરની જન્મજયંતિની પૂર્વસંધ્યાએ દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે, બાબાસાહેબેને અસાધારણ ક્ષમતાઓ અને બહુપક્ષીય વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ તરીકે વર્ણવ્યા, અને ભાર મૂક્યો કે તેઓ એક અર્થશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, ન્યાયશાસ્ત્રી અને એક મહાન સમાજ સુધારક હતા.

---------------------------------------------------------------------------

## જિલ્લામાં આંબેડકર જયંતી ઉજવણી:

આજે ડો. બાબા સાહેબ આંબેડકરની 134મી જન્મજ્યંતિની સમગ્ર જિલ્લામાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવશે. ભુજ, ગાંધીધામ, અંજાર, આદિપુર, મુન્દ્રા, માંડવી, નખત્રાણા અને વિવિધ ગામોમાં જન્મજ્યંતિને અનુલક્ષીને જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જિલ્લામથક ભુજ ખાતે ભીમરાવ ગ્રુપ દ્વારા ભીમરાવનગર મધ્યેથી બપોરના ત્રણ વાગ્યે શોભાયાત્રા કાઢવામાં આવશે. જે શહેરના રાજમાર્ગો પર ફરી ટાઉનહોલ પાસે બાબા સાહેબની પ્રતિમાને હારારોપણ કરી સમાપન કરવામાં આવશે. આ શોભાયાત્રાને સાંસદ વિનોદ ચાવડા, મામલતદાર ડી.કે. રાજપાલ, નગરસેવક કમલભાઇ ગઢવી સહિત મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવાશે.

---------------------------------------------------------------------------------

## નગર સેવા સદન સહાય વધારો:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની નગરપાલિકાઓને નવા નગર સેવાસદનના નિર્માણ માટેની સહાયમાં વધારો કર્યો છે.

આ નિર્ણય અંતર્ગત ‘અ’ વર્ગની નગરપાલિકાઓને હવે 6 કરોડ રૂપિયા, ‘બ’ વર્ગને 5 કરોડ રૂપિયા, ‘ક’ વર્ગની નગરપાલિકાઓને 4 કરોડ રૂપિયા અને ‘ડ’ વર્ગને 3 કરોડ રૂપિયાની સહાય અપાશે. નગર સેવાસદનના નિર્માણમાં દિવ્યાંગજનો અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટની સુવિધા તથા વીજબિલમાં બચત માટે સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે. સાથે જ ‘કેચ ધ રેઈન’ અભિયાનને વેગ આપવા નવા નગર સેવાસદનના બાંધકામમાં વરસાદી પાણીના સંગ્રહની સિસ્ટમ પણ ઊભી કરવાના દિશાનિર્દેશો શ્રી પટેલે આપ્યાં છે. આ ઉપરાંત નગરપાલિકાઓના હયાત નગર સેવાસદનમાં સમારકામ અને વિસ્તરણ કરવા માટે મળવાપાત્ર રકમના 25 ટકા રકમ અપાશે.

---------------------------------------------------------------------------------

## PSI-લેખિત પરીક્ષા:

એક લાખથી વધુ ઉમેદવારોએ ગઈકાલે બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેકટર- PSIની લેખિત પરીક્ષા આપી. રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા PSIની 472 જગ્યા માટે લેખિત પરીક્ષાનું આયોજન કરાયું હતું. અમદાવાદ, વડોદરા અને સુરતના 340 પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાઈ હતી. તમામ પરીક્ષા કેન્દ્રો તથા વર્ગખંડમાં CCTV કેમેરાથી મોનીટરીંગ કરાયું હતું. આ પરીક્ષામાં 3-3 કલાકના બે પેપર લેવાયા હતા. પરીક્ષા પૂર્ણ થતાં પરિક્ષાર્થીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

---

## હવામાન:

આગામી 5 દિવસ દરમિયાન રાજ્યના તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. 15 થી 17 એપ્રિલ દરમિયાન કચ્છ સહિત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં હિટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઇ છે. આ દરમિયાન તાપમાનનો પારો 40 થી 44 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહી શકે છે.

ગઈકાલે કચ્છમાં અંજાર, ગાંધીધામમાં મહત્તમ તાપમાન 43.6 ડિગ્રીની સાથ રાજ્યના મોખરના ગરમ મથક રહેતા  જન જીવન તાપથી વ્યાકુળ બન્યુ હતું. જીલ્લા મથક ભુજમાં 40.9 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે મોટા ભાગના વિસ્તારોમાં  લુ ઓકતા ઉની વાયરાથી  ગરમીથી લોકો અકળાયા હતા.

ઉનાળની કાળઝાળ ગરમીમાં  ઉંચા તાપમાનમાં શરીરને યોગ્ય રક્ષણ આપવા તથા આંખની શક્રિય સંભાળ રાખવા જનરલ હોસ્પિટલમાં તબીબોએ સુચના આપતા જણાવ્યુ હતું કે શરીરને હાઈડ્રેટ રાખવા સતત પાણી પીતા રહેવુ અને તડકામાં નીકળવાનું થાય તો  આંખો પર યોગ્ય સનગ્લાસ પહેરવા તથા  મોબાઈલ,કોમ્પ્યુટર જેવા ઉપકરણો વાપરતી વખતે વચ્ચે બ્રક લેવો.

---

## કમુરતા પુર્ણ:

હોળાષ્ટક અને મિનારક કમુરતાને કારણે છેલ્લા સવા મહિનાથી અટકેલા શુભ પ્રસંગો આજે કમુરતા ઉતરતા ફરી શરૂ થશે. તારીખ 6 માર્ચથી 13 એપ્રિલ સુધીના કમુરતા પુરા થતાં સવા મહિના બાદ લગ્ન સહિતના શુભ પ્રસંગો શરૂ થતાં આજથી બજારોમાં ગ્રાહકોની ચહલપહલ વધશે એ સાથે 30 એપ્રિલ અખાત્રીજના દિવસે વિવિધ સમાજો દ્વારા સમુહ લગ્નોનું આયોજન કરવામાં આવ્યુ છે.

-----------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025માં આજે લખનઉ સુપર જાયન્ટ્સ નો સામનો ચેન્નઈ સુપર કિંગ્સ સાથે થશે. જે મેચ લખનઉના ભારત રત્ન અટલ બિહારી વાજપેયી ક્રિકેટ સ્ટેડિયમમાં  આજે સાંજે સાડા સાત વાગ્યાથી શરૂ થશે.

-----------------------------------------------------------------------------------